# કંડલા પોર્ટ ખાતે સુપરવાઈઝરની નોકરીના બહાને ૨૧ લાખની ઠગાઈ

## શહેરના નિવૃત મહિલા કર્મચારીની હિંમતનગરના પુનાસણ ગામના દંપતિ સામે છેંતરપિંડીની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૬

કંડલા પોર્ટ ખાતે સુપરવાઈઝરની નોકરી આપવાના બહાને રૂ.૨૧ લાખની છેંતરપિંડીનો કિસ્સો શહેરમાં સામે આવ્યો છે. નોકરી માટે રૂપીયા આપ્યાને ૪ વર્ષથી વધુનો સમયગાળો થયો હોવા છતા નોકરી કે રૂપીયા પરત ન મળતા શહેરમાં રહેતા નિવૃત મહિલાએ હિંમતનગરના દંપતિ સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૯ ખાતે વસવાટ કરતા કિશોરીબા વિરભદ્રસિંહ ચુડાસમા (ઉં.વ.૬૦) નવા સચિવાલય ખાતે પંચાયત વિભાગના ગ્રામ ગૃહ નિર્માણમાં સિનિયર આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવી રહ્યા હતા. તે વર્ષ ૨૦૧૬ માં વય નિવૃત થયા છે. હિંમતનગરના પુનાસણ ગામના રહેવાસી સાંકાભાઈ કચરાભાઈ ગુર્જર નામનો શખ્સ કામઅર્થે આવન-જાવન કરતો હોવાથી તેની સાથે કિશોરીબા ને ઓળખાણ થઈ હતી. વર્ષ ૨૦૧૪ માં સાંકાભાઈએ કંડલા પોર્ટમાં સુપરવાઈઝરની ભરતી આવનાર છે. તમારા ઘરનું કોઈ હોય તો કહેજો સેટ કરાવી દઈશું કહ્યું હતું. મહિલાએ નોકરી માટે પૈસાનુ પુછતા સાંકાભાઈએ કહ્યું હતુ કે આમ તો રૂ.૨૫ લાખ રૂપીયા થાય પણ તમે મારા ઓળખીતા છો. એટલે તમારા માટે રૂ.૨૧ લાખ થશે. જેથી મહિલાના મામાના દિકરાને નોકરીની જરુરીયાત હોવાથી તેઓએ રૂ.૧૩.૫૦ લાખ રૂપીયા સાંકાભાઈના કુડાસણ ખાતે આવેલા તેમના નિવાસ સ્થાન શ્રી નાથ હોમ્સ ખાતે આપ્યા હતા. જયારે બાકીના રૂ.૭.૫૦ લાખનો ચેક તેઓએ આરોપીના હિંમતનગર ખાતે ચાલતા ટ્રસ્ટ જયશ્રી ખાદી ગ્રામોદ્યોગ નામે આપ્યો હતો. રૂપીયા આપ્યાને ૪ વર્ષથી વધુનો સમયગાળો થઈ જવા છતા નોકરીનો ઓર્ડર ન આવતા કિશોરી બા એ રૂપીયાની ઉઘરાણી શરુ કરી હતી. જેને પગલે કિશોરીબા એ આરોપી પાસેથી રૂપીયા પરત માંગતા આરોપીની પત્નીએ કહ્યું હતું કે મારા પતિ પાસે પૈસાની માંગણી કરવી નહી, તમારાથી થાય તે કરી લેજો રૂપીયા પરત નહીં મળે, જેને અનુલક્ષી નિવૃત મહિલાએ આખરે કંટાળીને ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં સાંકાભાઈ કચરાભાઈ ગુર્જર અને તેની પત્ની ઈન્દુબેન સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ને છેંતરપિડી કરનાર દંપતિ ને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



એક તરફ શહેરમાં પાણીની તંગી જણાઈ રહી છે અને બીજી તરફ પાણીનો બગાડ થઈ રહ્યો છે. આમ નિઃશુલ્ક મળતા પાણીના બગાડથી એવુ તો નહી થાય ને કે પૈસાથીય પુરતુ પાણી નહી મળે ?

# શહેરના ઘ-૬ પાસે બે કાર વચ્ચે અકસ્માત નરોડના પરિવારનો આબાદ બચાવ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક આવેલા એક ગામમાંથી લગ્ન પ્રસંગ પતાવીને અમદાવાદ નરોડા તરફ જઈ રહેલા પરિવારને શહેરના ઘ-૬ પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં ફોર્સ પોરવીલ ગાડીના ચાલકે સ્વીફટ ગાડી સાથે અથડાયા બાદ ફોર્સ કાર પરથી કાબુ ગુમાવતા કાર પલ્ટી ખાઈ ગઈ હતી. જયારે સ્વીફટ ગાડીમાં સવાર પરિવારના સભ્યોને ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. જો કે આ અકસ્માતમાં આ પરિવારનો આબાદ બચાવ થયો હતો.





પ્રાપ્ત માહિતી મુજબ તલોદ પાસે રણાસણ ગામના વતની અને હાલ નરોડા સત્વ-૩ ખાતે રહેતા દિગ્વિજયસિંહ પ્રવિણસિંહ પરમાર ઉં.વ.૩૮ રેલ્વે પ્રોટકશન પોર્મા હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. ગુરુવારના રોજ તેઓ પોતાના સંબંધીની સ્વીફટ ડીઝાયર કાર લઈને ગાંધીનગર પાસે આવેલા ઉનાવા ગામે લગ્ન પ્રસંગે આવ્યા હતા. રાત્રે ઘરે પરત ફરતી વખતે સાડા દશ વાગ્યાના અરસામાં ઘ-૬ સર્કલ ખાતે ફોર્સ ગાડીના ચાલકે કાર સામેથી ટક્કર મારી હતી. અકસ્માત બાદ જી.જે.૦૧.એફટી.-૬૧૪૮ નંબરની ફોર્સ ગાડી પ્લટી ગઈ હતી. બનાવ સમયે દિગ્વિજયસિંહ સાથે તેમના પત્ની, ૧૧ વર્ષનો પુત્ર અને ૪ વર્ષની દિકરીઓ મળી કુલ પાંચ સભ્યો હતા. જેમને નાની મોટી ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવને પગલે દિગ્વિજયસિંહે ફોર્સ ગાડીના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગાડીના નંબરના આધારે ચાલક સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# સીબીએસઈમાં નવા સત્રની શરૂઆત છતાં આરટીઈ હેઠળ પ્રવેશ નહીં

અમદાવાદ,તા.૨૬

રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત રાજ્યભરમાં ખાનગી શાળાઓમાં કુલ બેઠક ક્ષમતાના ૨૫ ટકા બેઠક પર ધો.૧માં ગરીબ અને તક વંચિત બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવાની પ્રક્રિયામાં આ વખતે પણ જયારે સીબીએસઈ સંલગ્ન શાળાઓમાં તા.૧ એપ્રિલથી વર્ગ શિક્ષણનો આરંભ થઇ ગયો હોય આરટીઈ અંતર્ગત જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે આવી શાળામાં અરજી કરી છે, તેઓને હજી એડમિશનનાં ઠેકાણાં ન હોયને વર્ગ શિક્ષણનો એક પછી એક દિવસ બગડી રહ્યો છે. છેલ્લાં ૩ વર્ષથી આ પ્રશ્ન સર્જાતો હોવા છતાં શિક્ષણ વિભાગે જાણે હમ નહીં સુધરેંગેનું સૂત્ર અપનાવ્યું હોય તેમ પોતાની નીતિ લગીરેય બદલી નથી.

હાલ આરટીઈ અંતર્ગત સમગ્ર રાજ્યમાં એડમિશનની પ્રક્રિયા ચાલી રહી છે. જો કે હજી અરજી કરવાની અને તેને સબમિટ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. જ્યારે કેન્દ્રીય બોર્ડની શાળાઓમાં તો એપ્રિલના આરંભથી ધો.૧માં શિક્ષણ કાર્યનો આરંભ થઇ ગયો છે. આથી વિદ્યાર્થીઓના અભ્યાસને નુકસાન થઇ રહ્યું છે. સંદીપ મુંજ્યાસરાએ હાઈકોર્ટમાં ગુજરાત સરકાર સામે જાહેર હિતની અરજી કરી છે. આ અરજીમાં વધુમાં જણાવાયું છે કે અત્યાર સુધીમાં રાજયમાં આરટીઈ અંતર્ગત ૧,૧૭,૦૦૦ બેઠક ઉપલબ્ધ છે. જ્યારે આ વખતે રાજ્ય સરકારને ૨ લાખ જેટલી અરજી ધો.૧માં આરટીઈ અંતર્ગત પ્રવેશ માટે મળી છે. વળી, આ ૨ લાખ અરજી પૈકી ૧.૭૫ લાખ ફોર્મને તો મંજૂર કરાયાં અને તેમાં દોઢેક લાખ ફોર્મ તો ભરાઈને પરત રિસિવિંગ સેન્ટરમાં આવી ગયાં છે. આ સંજોગોમાં ગરીબ વિદ્યાર્થીઓને માટે પ્રવેશનું શું આયોજન છે તેવો પ્રશ્ન કરાયો છે.

# દશેલા ગામમાં ખેતરમાં ઘેટા-બકરા ચરાવવા મુદ્દે પિતા-પુત્ર પર હુમલો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લાના દશેલા ગામે ગત બુધવારના રોજ ખેતરમાં ઘેટા-બકરા ચરાવવા જેવી નજીવી બાબતે પિતા-પુત્ર પર ચાર શખ્સોએ લાકડી વડે હુમલો કર્યો હતો. જેમાં પિતા-પુત્રને શરીરે ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ફરીયાદી હીરાભાઈ મેપાભાઈ ભરવાડ (ઉં.વ. ૫૦ મુળ રહે. તારાણા, તા.જોડીયા, જી.જામનગર) છેલ્લા છ માસથી બોરીયા ગામની સીમ સાદરા રોડ ખાતે રહે છે અને પશુપાલનનો વ્યવસાય કરે છે. ફરિયાદીના જણાવ્યા મુજબ ગત રોજ તા.૨૪ને બુધવારના રોજ ૧૨ વાગ્યાના અરસામાં હુ અને મારો દિકરો લાલાભાઈ હીરાભાઈ ભરવાડ બંન્ને અમારા ૮૦ જેટલા ઘેટા બકરા લઈને ચરાવવા માટે દશેલા ગામની સીમમાં આવેલા બેચરજી મુખીના પડતર ખેતરમાં ગયા હતા. તે સમયે અચાનક સાડા બાર વાગ્યાના અરસામાં દશેલા ગામના રામજીભાઈ નારણભાઈ રબારી, હેમાભાઈ નારણભાઈ રબારી, ભુરાભાઈ અને એક અજાણ્યો શખ્સ હાથમાં લાકડીઓ લઈને આવ્યા હતા અને મને કહેવા લાગ્યા હતા કે તમે કેમ અમારી સીમમા ઘેટા બકરા ચરાવવા માટે આવો છો. જેથી ફરીયાદીએ જણાવ્યું હતું કે હુ બેચરભાઈ મુખીને પુછીને ચરાવવા માટે આવ્યો છુ તેમ કહેતા ચારેય શખ્સો ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ અપશબ્દો બોલવા લાગ્યા હતા. મે અપશબ્દો બોલવાની ના પાડતા ચારેય લાકડીઓ લઈને તુટી પડ્યા હતા. મે બુમાબુમ કરતા મારો દિકરો લાલાભાઈ મને છોડાવવા માટે વચ્ચે પડતા તેને પણ ચારેય જણા લાકડીઓ વડે મારવા લાગ્યા હતા. ચારેય જણાએ ભેગા મળીને અમને પિતા-પુત્રને મારતા અમને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પશુ-પંખીઓને 'રેડ એલર્ટ'ના પ્રકોપથી બચાવવા એડવાઈઝરી જાહેર કરાઈ

અમદાવાદ,તા.૨૬

રાજ્યમાં અસહ્ય ગરમીનો પ્રકોપના દિવસો ચાલી રહ્યાં છે જેમાં આજથી બે દિવસ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગરમીની અસર માનવજીવન પર થાય છે તેવી જ પશુપંખીઓ પણ પણ જોવા મળે છે. અબોલ પશુપંખીઓને ગરમીથી બચાવવા સરકાર દ્વારા એક એડવાઈઝરી બહાર પાડવામાં આવી છે અને નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે કે પશુપંખીઓના રક્ષણ માટે બનતો સાથસહકાર આપે.

એડવાઈઝરીમાં જાહેર કરાયું છે કે પશુઓને છાંયડામાં (શેડ અથવા ઝાડ નીચે) રાખવાં. શેડ ઉપર ડાંગર કે ઘઉંના પૂળિયાં નાંખી કે શેડના પતરાં ઉપર સફેદ કલર કરી શેડનું તાપમાન જાળવવું. પશુઓને શેડમાં પૂરતી જગ્યા (સામાન્ય કરતાં વધારે) આપવી. પશુઓને દિવસ દરમિયાન સતત, પૂરતું, સ્વચ્છ ઠંડુ પાણી આપવું. પશુઓને ખોરાક દિવસના ઠંડા કલાકો (સવારે અને સાંજે) દરમિયાન આપવો. પશુઓને ઉત્તમ પ્રકારના લીલા ઘાસચારાનું નીરણ કરવું. પશુઓના ખોરાકમાં બાયપાસ પ્રોટીન અને બાયપાસ ફેટનો ઉપયોગ કરવો. પશુઓને દૈનિક મીનરલ મીક્સર ૭૫-૮૦ ગ્રામ તથા મીઠું ૨૦-૨૫ ગ્રામની માત્રામાં આપવું. પશુઓના શેડમાં પંખા, એર-કુલર, પાણીના ફુવારા, ફોગરનો ઉપયોગ કરવો.



એરીયલ વ્યૂ : અમદાવાદના આશ્રમ રોડ પરના ભરચક વિસ્તાર અર્થાત્ ઈન્કમટેક્ષ સર્કલ પર નિર્માણાધીન ઓવરબ્રિજનો એરીયલ વ્યૂ ભવ્ય લાગે છે. ગણતરીના સમયમાં લોકાર્પણ થશે ત્યારે શાંત ભાસતો આ ઓવરબ્રિજ ટ્રાફીકથી એવો તો ધમધમશે કે આવો ફોટો ક્યારેય લઈ શકાશે નહીં.

# પ્રદેશ ભાજપના અગ્રણીઓ વિવિધ રાજ્યોમાં પ્રચાર કરશે

## ફરી એકવાર મોદી સરકાર બને તે માટે ભાજપના અગ્રણી અને કાર્યકરો અલગ અલગ રાજ્યોમાં ચૂંટણી પ્રચાર કરશે

ગાંધીનગર,તા.૨૬

સમગ્ર દેશમાં લોકશાહીનું પર્વ ઉજવાઇ રહ્યું છે ત્યારે તારીખ ૨૩ એપ્રિલ, ૨૦૧૯ના રોજ લોકસભા ચૂંટણીના સાત ચરણો પૈકી ત્રીજા ચરણમાં ગુજરાતની લોકસભા ચૂંટણીનું કાર્ય શાંતિપૂર્વ માહોલમાં સંપન્ન થયુ છે. ગુજરાતની જનતાએ અસત્ય અને જુઠ્ઠાણાઓના અપપ્રચાર સામે સત્યને સમર્થન આપી પોતાની આગવી સૂઝનો પરિચય આપી શાંતિપૂર્ણ રીતે ભાજપા તરફી ભારે મતદાન કર્યુ છે. લોકસભા ચૂંટણીના ચોથા ચરણ દરમ્યાન ૬ઠ્ઠી મે, ૨૦૧૯ના રોજ રાજસ્થાન ખાતે ૧૩ બેઠક, ઝારખંડ ખાતે ૩ બેઠક, મધ્યપ્રદેશ ખાતે ૬ બેઠક, મહારાષ્ટ્ર ખાતે ૧૭ બેઠક, ઓડિસા ખાતે ૬ બેઠક, ઉત્તરપ્રદેશ ખાતે ૧૩ બેઠક, બિહાર ખાતે ૫ બેઠક અને જમ્મુ-કશ્મીર ખાતે ૧ બેઠક ઉપર લોકસભા ચૂંટણીઓ યોજાવા જઇ રહી છે.

આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "એક ભારત શ્રેષ્ઠ ભારત" ના મંત્ર સાથે ભારતને વિશ્વમાં ફરી "વિશ્વ ગુરૂ" તરીકે સ્થાપિત કરવા, "ભવ્ય ભારત" ના સંકલ્પને પરિપૂર્ણ કરવા અને "સબકા સાથ સબકા વિકાસ" નો મંત્ર સાર્થક કરવા પૂર્ણ બહુમત સાથે ફરી એકવાર મોદી સરકાર બને તે માટે ગુજરાતમાંથી ભાજપાના પ્રદેશ અગ્રણીઓ તથા કાર્યકર્તાઓ આગામી દિવસોમાં વિવિધ રાજ્યોમાં લોકસભા ચૂંટણીલક્ષી પ્રચાર-પ્રસાર અર્થે જશે.

આગામી દિવસોમાં ગુજરાતના દક્ષિણ ઝોનમાંથી મહારાષ્ટ્ર ખાતે, મધ્ય ઝોનમાંથી મધ્યપ્રદેશ ખાતે, ઉત્તર ઝોનમાંથી રાજસ્થાન ખાતે અને સૌરાષ્ટ્ર ઝોનમાંથી મધ્યપ્રદેશ અને રાજસ્થાન ખાતે ગુજરાત ભાજપાના કાર્યકર્તાઓ પ્રચાર-પ્રસાર માટે પ્રવાસ ખેડશે તેમજ પ્રદેશ અગ્રણીઓ અને કાર્યકર્તાઓની ટીમ પશ્ચિમ બંગાળ ખાતે ભાજપાના પ્રચાર-પ્રસાર અર્થે જશે અને જે-તે રાજ્યોની જનતાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ તથા વિકાસલક્ષી કાર્યોથી અવગત કરાવશે.

# કરાઈ ગામનો યુવાન છેલ્લા એક માસથી ગુમ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીક આવેલા કરાઈ ગામે રહેતો એક ૩૨ વર્ષિય યુવાન છેલ્લા એક માસથી ગુમ છે. ત્યારે પરિવારજનોનો આક્ષેપ છે કે યુવકના અગાઉ એક પરણિતા સાથે આડા સંબંધો હતા, જેનો ભાંડો ફુટી જતા તેના પતિએ યુવકને ગુમ કરી દીધો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ કરાઈ ગામનો ભુપતજી કાળાજી ઠાકોર (ઉં.વ.-૩૨) છેલ્લા એક મહિનાથી ગુમ છે.જેને પગલે ભુપતજીના કાકાએ ડભોડા પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ તેમનો ભત્રીજો ગત તા.૨૫ માર્ચે સાંજે ઘરેથી રીક્ષા લઈને નીકળ્યો હતો અને બનેવીને લઈને આવુ છુ તેમ કહ્યું હતું. પરંતુ ત્યારબાદ તે ઘરે પરત ફર્યો નથી ત્યારબાદ રીક્ષા નાના ચિલોડા ગ્રામ પંચાયત પાસેથી મળી આવી હતી અને તેના બંન્ને ફોન બંધ આવતા હતા. જે અંગે તે સમયે પરિવારે ગુમ થવા અંગે પોલીસને જાણ કરી હતી. ગુમ યુવક ગામમાં કરીયાણાની દુકાન ચલાવતો હતો.તેના પરિવારમાં પત્ની અને બે બાળકો છે. પરિવારના જણાવ્યા પ્રમાણે યુવકને કરાઈ પાસે લારીમાં કપડા લઈને બેસતા સત્યનારાયણ ઉર્ફે રાધે ગોપી પ્રસાદ ગુપ્તા (રહે. કડલી ઉત્તરપ્રદેશ)ની પત્ની સાથે આડા સંબંધો હતા. જેની જાણ થતા સત્યનારાયણ ત્રણ માસ પહેલા પરિવાર સાથે નાના ચિલોડા રહેવા જતો રહ્યો હતો. યુવકના પરિવારનો દાવો છે કે તેઓ જયારે યુવકને શોધવા માટે સત્યનારાયણના ઘરે ગયા ત્યારે મકાન ખાલી હતું અને આસપાસના સ્થાનિક નાગરીકો પાસેથી જાણળા મળ્યું હતું કે સત્યનારાયણ અને અન્ય કોઈ શખ્સ એક યુવકને મારતા હતા. જે બાદ તેને રીક્ષામાં બેસાડીને નરોડા ખાતે લઈ ગયા હતા. જયા તપાસ કરતા સત્યનારાયણના સંબંધી રહેતા હતા. તેઓનુ મકાન પણ ખાલી હતું. જેને પગલે હવે યુવકના પરિવાર અંગે ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ બી.આર.રાઠોડ ચલાવી રહ્યા છે.

# બોપલમાં બિલ્ડર ગ્રુપ પર આઈ.ટી.ના પડેલા વ્યાપક દરોડા

અમદાવાદ,તા. ૨૬

ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા બોપલમાં આવેલા ઈન્ડકટોથર્મની કરોડોની જમીન પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ કરતા ત્રણ બિલ્ડર ગ્રુપની ચાર જેટલી પ્રિમાઈસીસ પર આજે અચાનક દરોડા પાડવામાં આવતાં બિલ્ડર લોબી અને ઈન્ડકટોથર્મ ગ્રુપમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો હતો. આઈટી વિભાગના અધિકારીઓએ દરોડા દરમ્યાન રૂ.૧૫૦ કરોડનાં બિનહિસાબી વ્યવહારો પણ શોધી કાઢ્યા છે. તો, ઈન્ડક્ટોથર્મની કરોડો રૂપિયાની ૭૧ હજાર ચો.મી જગ્યા ટાંચમાં લઈ લીધી છે. દરોડા દરમિયાન આઈટી વિભાગના અધિકારીઓએ રૂ.૫૫ લાખ રોકડા પણ જપ્ત કર્યા હતા. ઈન્ટમટેક્સ વિબાગના અધિકારીઓ દ્વારા બોપલ સાઈડના રાજયશ બિલ્ડર, સમર્થ બિલ્ડર અને સિલ્વર ઈન્ફ્રકોમ ગ્રુપની ચાર પ્રિમાઈસિસમાં સર્ચ ચાલી રહ્યું છે. જેમાં રૂ. ૫૫ લાખ રોકડા પણ મળી આવ્યા છે. તપાસ દરમિયાન હજુ રોકડમાં થયેલા કરોડોના વ્યવહારોની વિગતો સામે આવે તેવી પ્રબળ સંભાવના જોવા મળી રહી છે.

થોડા સમય પહેલા રાજ્યશ બિલ્ડર ગ્રૂપ, સમર્થ બિલ્ડર ગ્રૂપ તથા સિલ્વર ઈન્ફ્રાકોમ મોટા પાયે ટીઆરપીના નામે કન્સ્ટ્રક્શન કરી રહ્યા હોવાની વિગતો ડિપાર્ટમેન્ટને મળી હતી. જેને પગલે જરૂરી તૈયારી કર્યા બાદ ડિપાર્ટમેન્ટની જુદી જુદી ત્રણ ટીમો બિલ્ડરોની ચાર પ્રિમાઈસીસ પર દરોડા પાડયા હતા. જે પૈકી બે ઓફિસ તો બોપલ ટીઆરપી કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર જ છે. જ્યારે રાજ્યશ બિલ્ડર ગ્રૂપની શ્યામ ચાર રસ્તા નજીકના મૌર્યાસ બિલ્ડિંગ ખાતે તથા સમર્થની પકવાન ચાર રસ્તા નજીકની ઓફિસમાં સર્ચ ચાલી રહ્યું છે.

# જિલ્લામાં ચોમાસાની પૂર્વ તૈયારીના ભાગરૂપે કાર્યયોજના ઘડાઈ

## ગાંધીનગર જિલ્લામાં ચોમાસું- ૨૦૧૯ની પૂર્વ તૈયારી ભાગરૂપે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

ચોમાસું- ૨૦૧૯ની પૂર્વ તૈયારીના ભાગરૂપે સર્વે અધિકારીઓએ સુચારું આયોજન કરવું. તેમજ બુલડોઝર, ટ્રેકટર, વોટર ટેન્કર, જે.સી.બી, ડી - વોટરીંગ પંપ, કટર જેવા સાધનો ચાલું હાલતમાં છે કે નહીં તેની યોગ્ય ચકાસણી કરવી. દરેક નાનામાં નાની બાબતનું બારીકાઈથી નિરીક્ષણ કરીને તમામ શક્યતાઓનું મંથન કરીને યોગ્ય પ્લાન બનાવવો જેથી વધુ વરસાદ કે પુર જેવી પરિસ્થિતનું નિર્માણ થાય તો માનવ અને પશુઓની જાનહાનિ અને માલ સમાનની નુકશાનીને અટકાવી શકાય, તેવું આજરોજ ગાંધીનગર જિલ્લામાં ચોમાસું-૨૦૧૯ની પૂર્વ તૈયારીના ભાગરૂપે યોજાયેલ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં તળાવથી ડુબવાથી કોઇનું મૃત્યૃ ન થાય તે માટે વધુ ઉંડા તળાવ હોય ત્યાં ચોકીદાર કે સાઈન બોર્ડ મુકવા જેથી લોકોને ઉંડાઇનો ખ્યાલ આવે. તળાવ, ડેમ, કેનાલ કે નાના મોટા ડેમ અથવા કાંસ સહિતના તાબાના તમામ જળાશયોની ટેકનીકલ કર્મચારીઓ માફતે મુલાકાત કરાવી સ્ટેટસ રીપોર્ટ તૈયાર કરવો. ચોમાસાની ઋતુમાં પાણીજન્ય રોગો થતાં અટકાવવા માટે પીવાના પાણીની વ્યવસ્થામાં વિપેક્ષ ન પડે તેની ખાસ તકેદારી રાખવી. પીવાના ટેન્કારોની યોગ્ય વ્યવસ્થા કરી રાખવી. વીજળીના અભાવે પાણીની વ્યવસ્થા ન ખોરવાય તે માટે વૈકલ્પિક વ્યવસ્થા રાખવી. સમયાંતરે પાણીનું કલોરીનેશન કરાવું. જરૂરી દવાઓનું પણ યોગ્ય છંટકાવ કરવો. પાણીજન્ય રોગો અટકાવવા માટે જનજાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું.

દરેક વિસ્તારના વિદ્યુત મથકો, સબ સ્ટેશન, ડીપી, ટ્રાન્સોર્મર નકશા તથા આંકડાકિય માહિતી આપવા સંબંધિત અધિકારીને જણાવ્યું હતું. ઈમરજન્સી સર્વિસના ટેલીફોન ચોમાસા પહેલાં ચેક કરવા. ચોમાસા દરમ્યાન તમામ ફોન અવરિત ચાલું રહે તેવું આયોજન કરવા જણાવ્યું હતું. ચોમાસા દરમ્યાન ગ્રામ્ય વિસ્તારોમાં રાબેતા મુજબની બસ સેવા ચાલું રહે તેની ખાસ તકેદારી રાખવા પણ સંબંધિત અધિકારીને સૂચના આપી હતી. અંતરિયાળ વિસ્તારમાં અનાજનો પુરવઠો પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે અગાઉથી પહોંચાડવાનું આયોજન કરાવવું. ભારે વરસાદમાં જીવન જરૂરિયાતવાળી આવશ્યક ચીજ વસ્તુઓ સહેલાઈથી પુરતા પ્રમાણમાં મળી રહે તે માટેનું આયોજન કરવા પણ જણાવ્યું હતું. રેઈનગેજ સ્ટેશનની ચકાસણી કરી સત્વરે રીપોર્ટ કરવા પણ જણાવ્યું હતું. તે સિવાય અન્ય બાબતોની પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગાંધીનગર પ્રાંત અધિકારી જે.એમ. ભોરણીયા, ડિઝાસ્ટર મામલતદાર દિપકાબેન પંચાલ સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજ્યના ખેડૂતો સામે દાવો માંડનારી પેપ્સીકો સામે રોષ

## પેપ્સીની તમામ પ્રોડક્ટ્સનો બહિષ્કાર કરવા ધમકી : ખાવાના સાંસા છે તેવા ખેડૂત પર દાવો કરનાર સામે રોષ

અમદાવાદ,તા. ૨૬

રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક કરાવેલી ખાસ વેફર માટેની જાતના બટાકા ઉગાડવા બદલ વિશ્વની અગ્રણી ચિપ્સ બ્રાન્ડ લેઝની માલિક પેપ્સિકો ગુજરાતના સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના નવ ખેડૂતોને ગત સપ્તાહે કોર્ટમાં ઢસડી ગઈ છે. એટલું જ નહીં, બુધવારે પેપ્સિકોએ અમદાવાદની કોર્ટમાં આ દરેક ખેડૂત સામે રૂ. ૧-૧ કરોડની નુકસાની માગી છે, જે મોડાસાની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં તમામ સામે કરેલા પ્રત્યેક રૂ. ૨૦ લાખના નુકસાનીના દાવા ઉપરાંત છે. હવે આ સમાચાર ફેલાતાં જ દેશભરના ટ્વીટરાટીસ એટલે કે ટ્વીટરનો ઉપયોગ કરનારાએ પેપ્સિકો સામે ઉગ્ર આક્રોશ ઠાલવ્યો છે.

દેશના ગરીબ ખેડૂતોને ખાવાના સાંસા છે ત્યાં તેમની પર આમ ૧-૧ કરોડનો દાવો માંડીને પેપ્સિકોએ પોતાની બેશરમીનું સૌથી મોટું ઉદાહરણ આપ્યું હોવાની લાગણી વ્યક્ત કરતા ટ્વીટરાટીસે હવેથી પેપ્સીની તમામ બ્રાન્ડ અને પ્રોડક્ટનો બહિષ્કાર કરવાની ધમકીઓ પણ આપી છે. જેને પગલે હવે પેપ્સીકો સામે અમદાવાદ, ગુજરાત સહિત દેશભરમાંથી વિરોધ અને આક્રોશ સામે આવી રહ્યા છે. ટવીટર પર નિર્દોષ ખેડૂતો સામેનો કેસ પાછો ખેંચવા પેપ્સિકો પર દબાણ લાવવા સરકારને અનુરોધ કરવામાં આવ્યો છે. તો, મોટાભાગની ટ્વીટ્સમાં પેપ્સિકોને ગાળો ભાંડવામાં આવી છે. જ્યારે ૧૯૦થી વધુ ચળવળકારો-કાર્યકરો અને ખેડૂત હિમાયતીઓએ સરકારને વિનંતી કરી છે કે તે પેપ્સિકો પર દબાણ લાવે જેથી આ પ્રકારના ખોટા કેસ તે કરે નહીં અને કરેલા કેસ પણ પાછા ખેંચે. પેપ્સીકોનો દાવો છે કે, તેની પાસે જે બટાકાની જાતને ઉગાડવા માટેના પ્લાન્ટ વેરાઈટી પ્રોટેક્શન (પીવીપી) રાઈટ્સ છે તેનું આ ખેડૂતોએ ઉત્પાદન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, પેપ્સીએ અમદાવાદની કોર્ટમાં પોતાના દાવામાં ચારમાંથી પ્રત્યેક ખેડૂત પાસે રૂ. ૧-૧ કરોડની નુકસાનીની માંગણી કરી છે. જ્યારે અગાઉ મોડાસા કોર્ટમાં તેણે નવ ખેડૂતો સામે કેસ કરીને દરેક પાસેથી રૂ. ૨૦-૨૦ લાખની નુકસાનીની માગણી કરી હતી. આ બાબતની જાણ થતાં જ સ્ટેન્ડ-અપ-કોમેડિયન અભિજિત ગાંગુલીએ ટ્વીટ કરીને હવેથી પેપ્સિકોની તમામ પ્રોડક્ટ્સનો બહિષ્કાર કરવાનું એલાન કર્યું છે અને બીજા લોકોને પણ તેની હાકલ કરી છે. જ્યારે રવિ નાયર નામના પત્રકારે લખ્યું હતું કે, આશા રાખીએ કે પેપ્સિકો તેની પેપ્સીમાં વપરાતા ભૂગર્ભજળનો ઉપયોગ કરવા બદલ લોકો સામે દાવો નહીં માડે. અનેક લોકોએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે તેઓ હવેથી પેપ્સીનું એક પણ પ્રોડક્ટ નહીં ખરીદે. આમ, પેપ્સીકો સામે હવે દેશભરમાં લોકોમાં ભારોભારો આક્રોશ ફાટી નીકળ્યો છે, જેને લઈ સમગ્ર મામલો ગરમાયો છે.